| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

તા.૧૦/૦૭/૨૦૨૦ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૧૩૮/૨૦૨૦

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૯/૦૭/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

| પત્રક-૧ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | | | | | |
| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૯૪૨૯ | ૯ | ૯૪૩૮ | ૧૫૪૮૭ | ૯ | ૧૫૪૯૬ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPC અને The Epidemic Disease Act 2005 | ૪૨૬૫ | ૦ | ૪૨૬૫ | ૫૭૮૧ | ૦ | ૫૭૮૧ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૪૩ | ૦ | ૪૩ | ૨૦૩ | ૦ | ૨૦૩ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૦૯૮૦ | ૧૨૯ | ૧૧૧૦૯ | ૧૧૬૫૧ | ૧૦૮ | ૧૧૭૫૯ |
| કુલ | | ૨૪૭૧૭ | ૧૩૮ | ૨૪૮૫૫ | ૩૩૧૨૨ | ૧૧૭ | ૩૩૨૩૯ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૧૬ | ૭,૦૮,૬૦૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૪૩૭૪ | ૮,૭૪,૮૦૦/- |

# આરોપીની અટકાયતની વિગત

**ઇસનપુર પોલીસ સ્ટેશન :-**

**ઇસનપુર પોલીસ સ્ટેશન ગુના નં પાર્ટ-એ-૧૧૧૯૧૦૨૨૨૦૦૯૧૭/૨૦૨૦ ઇ.પી.કો કલમ ૩૭૯(એ)૩,૧૧૪ મુજબના અન ડિટેક્ટ ગુનામા છારા ગેગના ત્રણ આરોપીઓને શોધી કાઢી પકડી પાડી ગુનો શોધી કાઢતી ઇસનપુર પોલીસ**

ઇસનપુર પોલીસ સ્ટેશન ગુના નં પાર્ટ-એ-૧૧૧૯૧૦૨૨૨૦૦૯૧૭/૨૦૨૦ ઇ.પી.કો કલમ ૩૭૯(એ)૩,૧૧૪ મુજબના કામના ફરીયાદી કુંજલભાઇ હસમુખભાઇ પટેલ ઉ.વ-૪૦ ધંધો-નોકરી રહે-૯૪,સુમન સજની સોસાયટી જયંત પાર્ક સોસાયટીની બાજુમાં ઘોડાસર ઇસનપુર અમદાવાદ શહેરનાઓની ફરીયાદના કામે ગઇ તા **૩૦/૦૬/૨૦૨૦ ના રોજ સવારના આશરે છ વાગ્યાની આસપાસ ફરીયાદી તથા સાહેદ રીકીનભાઇ સોની બન્ને વોકિંગમા નિકળેલ અને** સવારના આશરે પોણા સાતેક વાગ્યાના સુમારે ચાલતા ચાલતા ભાડુઆતનગર શાક માર્કેટ પાસે અમુલ પાર્લર પાસે આવતા તે વખતે પાછળથી એક બ્લેક કલરના Honda કંપનીના X-blade મોટર સાઇકલ પર બે ઇસમો આવેલા જેમાં મો.સા ની પાછળ બેઠેલા ઇસમે ફરીશ્રીના ગળામાં હાથ નાંખી ફરીશ્રીએ પહેરેલ આશરે બે તોલા વજનની સોનાની ચેઇન કિમત રૂપિયા ૬૦,૦૦૦/-ની મતાની ખેચી તોડી સ્નેચીંગ કરી લઈ જઈ નાસી ગયેલ જે ગુનાની તપાસ સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ કે.એમ.ચાવડા નાઓએ સંભાળી લીધેલ સદર ગુનો દાખલ થયા બાદ મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.સયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મે.મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી “જે”ડીવીઝન સાહેબનાઓ તરફથી મિલ્કત સબંધી ચેઇન સ્નેચીંગના અન ડિટેક્ટ ગુનાઓ શોધી કાઢવા સુચના આપતા હોય જે સુચના આધારે સીનીયર પોલીસ ઇન્સપેકટર શ્રી જે.એમ.સોલંકી સાહેબ તથા સેકન્ડ પોલીસ ઇન્સપેકટર શ્રી કે.બી.સાંખલા સાહેબ નાઓના સીધા માર્ગ દર્શન અને સુચના મુજબ સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ કે.એમ.ચાવડાનાઓએ સર્વેલન્સ સ્કોડના માણસોની જુદી-જુદી ટીમો બનાવી બનાવવાળી જગ્યાની આસપાસના સી.સી.ટી.વી ફુટેજ ચેક કરતા એક મો.સા ઉપર આવેલ બે ઇસમો ફરીયાદીની ચેઇન તોડતા જણાતા જે વર્ણન મુજબના ઇસમો તથા મો.સા જે દિશામાથી આવેલ તે તથા જે દિશામા ભાગેલ તે રૂટ ઉપરના સી.સી.ટી.વી ફુટેજ ચેક કરતા બેક રૂટના મંગલેશ્વર મહાદેવ મંદિરના સી.સી.ટી.વી ફુટેજ ચેક કરતા તેમા મો.સા ઉપર પાછળ બેસી ચેઇન સ્નેચીંગ કરેલ તે ઇસમ એક સુઝુકી એકસેસ મો.સા.ની પાછળ બેસીને આવતો જણાયેલ તેમજ ચેઇન સ્નેચીંગ કરેલ તે મો.સા સિંગલ સવારીમા એકસેસની પાછળ આવતી જણાયેલ અને ત્યાર બાદ ઘોડાસર ચાર રસ્તાના સી.સી.ટી.વી ફુટેજમા પણ એકસેસ ઉપર બે ઇસમો તથા તેની પાછળ મો.સા ઉપર એક ઇસમ આવતો જણાયેલ અને સુઝુકી એકસેસનો નંબર ફુટેજમા જણાતા જે એક્સેસના માલીક બાબતે એકલવ્ય સોફ્ટવેરમા નંબર નાખી ચેક કરતા આ એકસેસ છાયાબેન રાકેશભાઇ બંગાલી રહે,છારાનગર સરદારનગરનુ જણાતા આ બાબતે ખાનગી બાતમીદારોથી તપાસ કરાવતા આ

છાયાબેનને રાજ ઉર્ફે રાજા નામનો દિકરો હોવાનુ અને તે અગાઉ ચેઇન સ્નેચીંગના ગુનામા પકડાયેલ હોવાની હકિકત જાણવા મળતા અ.હે.કો મો.અશરફ ઇસ્માઇલભાઇ તથા લોકરક્ષક સચીન નારણભાઇ બન્ને સતત ખાનગી રાહે તપાસમા હતા અને તેઓની બાતમી મુજબ આરોપીઓ (૦૧) રાજ ઉર્ફે રાજા સ/ઓ રાકેશભાઇ ઉર્ફે મુશીયા બંસીભાઇ બંગાળી (છારા) ઉ.વ ૨૩ રહે,સિંગલની ચાલી સેનુના મકાનમા બંગલા એરીયા કુબેરનગર છારાનગર સરદારનગર અમદાવાદ શહેર તથા (૦૨) રોહીત ઉર્ફે કાલુ સ/ઓ દલપતભાઇ ગુલાબભાઇ ઘમંડે (છારા) ઉ.વ ૩૦ રહે,સિંગલની ચાલી મોટવાણીના બંગલાની સામે કુબેરનગર છારાનગર સરદારનગર અમદાવાદ શહેર તથા (૦૩) વિકાસ ઉર્ફે ઠાકુર સ/ઓ છગનભાઇ રણછોડભાઇ ભોગેકર (છારા) ઉ.વ ૪૬ રહે,મ.નં ૭૪/૦૧ ફ્રી કોલોની પાણીની ટાંકી પાસે કુબેરનગર છારાનગર સરદારનગર અમદાવાદ શહેરનાઓને ગઇ તા ૦૭/૦૭/૨૦૨૦ ના કલાક ૧૮/૩૦ વાગે આવકાર હોલ ખાતેથી સી.સી.ટી.વી ફુટેજમા દેખાતી સુઝુકી એકસેસ નં જી.જે-૦૧ યુ.ક્યુ-૬૭૭૦ સાથે પકડી પાડી તેઓની પાસેથી સુઝુકી એકસેસ કિંમત રૂપિયા ૪૦,૦૦૦/- તથા બે મોબાઇલ ફોન કિંમત રૂપિયા ૧૬,૦૦૦/-ના કબ્જે કરી આરોપીઓના કોરોનાના રીપોર્ટ કરાવવામા આવેલ અને તપાસ દરમ્યાનમા ગુનામા ગયેલ સોનાની ચેઇન કિંમત રૂપિયા ૬૦,૦૦૦/-ની રીકવર કરવામા આવેલ આમ કુલ રૂપિયા ૧,૧૬,૦૦૦/-નો મુદ્દામાલ રીકવર કરી આરોપીઓને કોરોના રીપોર્ટ નેગેટીવ આવતા આજરોજ તા ૦૯/૦૭/૨૦૨૦ ના કલાક ૧૭/૦૦ વાગે ગુનામા અટક કરી ગુનો શોધી કાઢી પ્રસંશનીય કામગીરી કરેલ છે

**કામગીરી કરનાર ટીમ** (૧) જે.એમ.સોલંકી સીનીયર પોલીસ ઇન્સપેકટર ઇસનપુર પોલીસ સ્ટેશન માર્ગ દર્શન અને સુચના (૨) કે.બી.સાંખલા સેકન્ડ પોલીસ ઇન્સપેકટર ઇસનપુર પોલીસ સ્ટેશન-માર્ગ દર્શન અને સુચના (૩) કે.એમ.ચાવડા પો.સબ.ઇન્સ સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન (૪) એ.એસ.આઇ પરેશભાઇ રામભાઇ (૫) અ.હેડ.કોન્સ જાકીરખાન મહેબુબખાન (૬) અ.હેડ.કોન્સ સુરેશકુમાર જીવણભાઇ (૭) અ.હેડ.કોન્સ કુલદિપસિહ હરૂભા (૮) અ.હેડ.કોન્સ મો.અશરફ ઇસ્માઇલભાઇ (૯) લોકરક્ષક સચિન નારણભાઇ (૧૦) અ.પો.કો નારાયણભાઇ કરશનભાઇ (૧૧) અ.પો.કો અમીતકુમાર દાનાભાઇ (૧૨) અ.પો.કો માનસંગભાઇ ગફલભાઇ (૧૩) અ.પો.કો પ્રભાતસિહ દેવુભા (૧૪) અ.પો.કો વિજયસિહ બાબુભાઇ (૧૫) લોકરક્ષક રોહીતસિહ નટુભા (૧૬) લોકરક્ષક મયુરસિહ રમેશભાઇ (૧૭) લોકરક્ષક અનિરૂધ્ધસિહ જાલુભા (૧૮) લોકરક્ષક મહાવીરસિહ રણજીતસિહ (૧૯) અ.પો.કો દેવેન્દ્રસિહ વેલુભા







# વાહન ચોરીના આરોપીની અટકાયતની વિગત

## સરદારનગર પોલીસ સ્ટેશન :-

## સરદારનગર,કારંજ, કાલુપુર, શાહીબાગ અલગ અલગ પો.સ્ટેના એકટીવા તેમજ ઓટો રીક્ષા ચોરીના ત્રણ આરોપીઓને મુદ્દામાલ સાથે પકડી કુલ- ૦૮ ગુનાઓ ડીટેક કરતી સરદારનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબ શ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર સાહેબ શ્રી સેક્ટર-૨ નાઓ તથા નાયબ પોલીસ કમીશ્નરશ્રી ઝોન-૦૪ સાહેબ તથા મદદનીશ પોલીસ.કમીશ્નરશ્રી " જી" ડીવીજન સાહેબ નાઓ તરફથી નાસતા-ફરતા આરોપીઓ પકડવાની તેમજ મિલકત સંબધી ગુન્હાઓ શોધી કાઢવા કરેલ સુચના અનુશંધાને પોલીસ ઇન્સપેકટર એચ.બી.પટેલ સરદારનગર પોલીસ સ્ટેશન નાઓની સુચના તથા માર્ગદર્શન આધારે સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ એમ.જી.ઢોડીયા તથા સ્ટાફ ના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન સાથેના એ.એસ.આઇ.રઘુભાઇ વિઠ્ઠલભાઇ તથા હે.કો.અનીલ બાલક્રુષ્ણ તથા પો.કો.કિરણકુમાર ચંદુલાલ નાઓને મળેલ સંયુક્ત ખાનગી બાતમી હકિકત આધારે કુબેરનગર રેલ્વે ક્રાંસીગ જાહેર રોડ ઉપર વોચમાં રહી ત્રણ આરોપીઓ પોતાના કબજાની ઓટો રીક્ષામાં મળી આવેલ અને આરોપીએ એ કરેલ કબુલાત મુજબ તપાસ કરતાં તેઓના જણાવ્યા મુજબ અલગ અલગ જગ્યાએ થી એકટીવા તેમજ રીક્ષા ચોરી કરેલાની કબુલાત કરતાં હોય અમદાવાદ શહેર ના સરદારનગર, કારંજ, કાલુપુર, શાહીબાગ અલગ અલગ પોલીસ સ્ટેશનના અલગ અલગ ગુનાનો મુદ્દામાલ એકટીવા-૦૬ તેમજ ઓટો રીક્ષા- ૦૩ મળી ચોરી કરેલ કુલ- ૦૯ વાહનો કુલ્લે કિ.રૂ.૪,૩૦,૦૦૦/- ની મત્તા સાથે મળી આવતાં તેઓને તા-૦૯/૦૭/૨૦૨૦ ના કલાક ૧૪/૦૦ વાગે સી.આર.પી.સી.કલમ-૪૧(૧)ડી મુજબ પકડી અટક કરી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

**આરોપી:-** (1) સ્વરૂપ ઉર્ફે નટ્ટૌ ઉર્ફે નટ્ટા S/O રમેશલાલ વિમનદાસ જાતે મેઘરાજાણી (સિન્ધી) ઉ.વ.૩૨ ધંધો. રીક્ષા ડ્રાઇવીગ રહે.મ.ન. ૧૯/૩૫ એ વોર્ડ ન્યુ બંગ્લાએરીયા રમેશબિસ્કીટની ગલી ની બાજુમાં કુબેરનગર સરદારનગર (2) મિતેશ ઉર્ફે મીત ઉર્ફે મીતલો ઉર્ફે કુમાર S/O બાબુભાઇ ખુશાલભાઇ જાતે બારોટ ઉ.વ.૨૦ ધંધો. પ્રાઇવેટ નોકરી રહે.મ.ન.૪૨ અજય ટેનામેન્ટ-૨ રબારી કોલોની પાસે સી.ટી.એમ. (૩) સાગર S/O અશોકભાઇ જાતે ગોપલાણી (સિન્ધી) ઉ.વ.૨૩ ધંધો. પ્રાઇવેટ નોકરી રહે.મ.ન. બી/૯ શ્યામલ એપાર્ટમેન્ટ ત્રીજો માળ કુબેરનગર સરદારનગર

**મુદામાલ;-** (૧) સરદારનગર પો.સ્ટે.ફસ્ટ.ગુ.ર.નં- ૧૧૧૯૧૦૪૦૨૦૨૪૫૫/૨૦૨૦ ઇ.પી.કો કલમ-૩૭૯ ના કામે એક સુઝુકી એકસેસ સિલ્વેર કલરની જેનો રજીસ્ટેશન નંબર લગાવેલ નથી જેનો ચેચીસનંબર B8DP12DCL8212069 તથા એન્જીન નં- AF212304219 નો છે જેની કિ.રૂ. ૬૦,૦૦૦/- (૨) કાલુપુર પો.સ્ટે ફસ્ટ ગુ.ર.નં- ૧૧૧૯૧૦૨૬૨૦૦૨૫૯/૨૦૨૦ ઇ.પી.કો.કલમ- ૩૭૯ ના કામે એક હોન્ડા એકટીવા જેનો રજીસ્ટેશન નં- GJ-01-MZ-3837 નો છે જેનો ચેચીસનંબર- ME4JF507DHU189356 તથા એન્જીન નં- JF50EU5189396 નો છે જેની કિ.રૂ. ૩૦,૦૦૦/-

(૩) કાલુપુર પો.સ્ટે ફસ્ટ ગુ.ર.નં- ૧૧૧૯૧૦૨૬૨૦૦૨૮૩/૨૦૨૦ ઇ.પી.કો.કલમ- ૩૭૯ એક એકટીવા જેનો રજીસ્ટેશન નં- GJ-7-BK-9874 જેની કિ.રૂ. ૩૦,૦૦૦/- (૪) કારંજ પો.સ્ટે ફસ્ટ ગુ.ર.નં- ૧૧૧૯૧૦૨૭૨૦૦૭૫૯/૨૦૨૦ ઇ.પી.કો.કલમ-૩૭૯ ના કામે એક હોન્ડા એકટીવા જેનો રજીસ્ટેશન નંબર લગાવેલ નથી જેનો ચેચીસનંબર- MEJF502LE281556 તથા એન્જીન નં- JF50E71281574 નો છે જેની કિ.રૂ. 40,000/- (૫) એક ઓટો રીક્ષા જેનો રજીસ્ટેશન નં-GJ-01-BY-0239 ની જેની કિ.રૂ.૭૦,૦૦૦/- જે શાહીબાગ સિવીલ હોસ્પીટલ કમ્પાઉંડમાં થી ચોરી કરેલાની કબુલાત કરેલ છે. (૬) એક ઓટો રીક્ષા જેનો રજીસ્ટેશન નંબર લગાવેલ નથી જેનો ચેચીસ નં- XMD2A23AZ9DWC34652X નો છે જેનો એન્જીન નંબર જાણી શકાયેલ નથી જેની કિ.રૂ. ૭૦,૦૦૦/- જે કુબેરનગર એ વોર્ડ બિસ્કીટ ગલી પાસે થી એક મકાન આગળથી ચોરી કરેલાની કબુલાત કરેલ છે. (૭) એક રેડ કલરની એકટીવા જેનો રજીસ્ટેશન નં- GJ-01-JU-1440 જેની કિ.રૂ.૩૦,૦૦૦/- જે કુબેરનગર નરોડા પાટીયા પાસે રોડ પરથી ચોરીકરેલાની કબુલાત કરેલ છે. (૮) એક હોન્ડા એકટીવા 3G જેનો રજીસ્ટેશન નંબર લગાવેલ નથી જેનો ચેચીસનંબર- ME4JF509LGU018236 તથા એન્જીન નં- JF50EU6018206 નો છે જેની કિ.રૂ. ૩૦,૦૦૦/- જે કાલુપુર પાંચકુવા પાસેથી ચોરી કરેલાની કબુલાત કરેલ છે. (૯) એક ઓટો રીક્ષા જેનો રજીસ્ટેશન નં-GJ-01-DU-2833 ની જેનો ચેચીસ નં-MD2A27BZ40DWF03601 નો એન્જીન – AZZWDF07014 જેની કિ.રૂ.૭૦,૦૦૦/- ની જે આરોપીઓ એ ચોરી કરવામાં ઉપયેગ કરેલ છે.

કામગીરી કરનાર અધીકારી / કર્મચારી ;- (૧) પોલીસ ઇન્સપેકટર એચ.બી.પટેલ (૨) પોલીસ સબ ઇન્સપેકટર એમ.જી.ઢોડીયા (૩) એ.એસ.આઇ.રઘુભાઇ વિઠ્ઠલભાઇ બ.ન. ૧૩૪૭૯ (૪)અ.હે.કો.અનીલ બાલકુષ્ણ બ.ન.૩૯૧૭ (૫) (૬) હે.કો.કુણાલ અશોકકુમાર બ.ન.૪૪૪૩ (૭) પો.કો.કિરણકુમાર ચંદુલાલ બ.ન. ૫૭૭૦ (૮) પો.કો.પ્રજ્ઞેશ કાનજીભાઇ બ.ન. ૫૮૭૭ (૯) પો.કો.અનીલભાઇ ઇશ્વરભાઇ બ.ન.૭૩૦૨ (૧૦) લોકરક્ષક અમરત ઉમાજી બ.ન.૧૧૯૨૫ (૧૧) લોકરક્ષક ચેતન હાજાભાઇ બ ન ૧૨૮૬૩ વિગેરે.



# પાસા અટકાયતની વિગત

## કાગડાપીઠ પોલીસ સ્ટેશન :-

## પ્રોહીબીશન સબંધી ૪(ચાર) આરોપીબેનોની પાસા અટકાયતી તરીકે ધડપકડ કરતી કાગડાપીઠ પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા સયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સાહેબની સુચના આધારે તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી “કે” ડિવીજન અમદાવાદ શહેરનાઓના માર્ગદર્શન હેઠળ પોલીસ ઇન્સ્પેકટર શ્રી એમ.એ.સિંહનાઓની સુચના આધારે સર્વેલન્સ સ્કોર્ડના પોસઇશ્રી પી.કે.ગોહીલ તથા સર્વેલન્સ સ્કોર્ડના માણસો તથા પી.આઇ પર્સનલના માણસોએ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે દાખલ થયેલ પ્રોહીબીશનના ગુનામા ૪(ચાર) આરોપીબેન વિરૂધ્ધ પાસા હુકમ થયેલ હોય, સદરી આરોપી બહેનોને પોસ્ટે ખાતે લાવી પાસા અટકાયત કરી નીચે મુજબની પાસા હુકમની બજવણી કરેલ છે.

અત્રેના કાગડાપીઠ પો.સ્ટે. ગુ.ર.નં.સી/૦૦૩૬૦/૨૦૨૦ પ્રોહી કલમ ૬૫(ઇ), ૯૮(૨) મુજબના દેશીદારૂના કબજાના ગુનામાં આરોપીબેનો નામે (૧) મનીષાબેન ઉર્ફે દમુ w/o મનીષભાઈ બાબુભાઈ જાતે ચુનારા ઉ.વ.૩૫ ધંધો-ઘરકામ રહેવાસી કંટોડીયાવાસ રાયપુર દરવાજા બહાર તથા હાલ રહે.ચુનારાવાસ રૂગનાથપુરાની પીઠ ની સામે રાયપુર દરવાજા બહાર (૨) સીતાબેન ઉર્ફે જીજુ વા/ઓ અનિલભાઇ રમણભાઇ જાતે.ચુનારા ઉ.વ.૩૧ ધંધો.ઘરકામ રહે.ચુનારાવાસ રૂગ્નાથપુરાની પીઠની સામે રાયપુર દરવાજા બહાર (૩) પીન્કીબેન ઉર્ફે પીન્કા વા/ઓ રમેશભાઇ રમણભાઇ જાતે.ચુનારા ઉ.વ૪૭ ધંધો.ઘરકામ રહે.ચુનારાવાસ રૂગ્નાથપુરાની પીઠની સામે રાયપુર દરવાજા બહાર (૪) ગીતાબેન ઉર્ફે રીટાબેન W/O ધર્મેશભાઈ ચંન્દ્રકાંતભાઈ ચુનારા ઉ.વ.૩૦ ધંધો-ઘરકામ રહેવાસી ચુનારાવાસ રૂગનાથપુરાની પીઠ ની સામે રાયપુર દરવાજા બહાર નાઓ વિરૂધ્ધ પુરાવા ભેગા કરી પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નરશ્રીનાઓ સમક્ષ સાદર કરતા તેઓશ્રી સાહેબે તેઓની કચેરીના ક્રમાંક/PCB /DTN/પાસા/૪૪૬-૪૪૭-૪૪૮-૪૪૯/૨૦૨૦ તા.૦૮/૦૭/૨૦૨૦ અન્વયે સદરી પાસા અટકાયતી બહેનોને “મધ્યસ્થ જેલ લાજપોર સુરત” જેલ મોકલી આપવા હુકમ કરેલ. જે હુકમ આધારે મજકુર પાસા અટકાયતી બહેનોને તા.૦૯/૦૭/૨૦૨૦ ના કલાક ૧૪/૦૦ થી ૧૪/૪૫ વાગ્યા દરમ્યાન પાસા હુકમની બજવણી કરી “મધ્યસ્થ જેલ લાજપોર સુરત” જેલ ખાતે પાસા અટકાયતી તરીકે રહેવા સારુ જરૂરી જાપ્તા સાથે સરકારી વાહન GJ-18-GA-1353 મા મોકલી આપવા તજવીજ કરેલ છે. તા.૦૯/૦૭/૨૦૨૦






## કાગડાપીઠ પોલીસ સ્ટેશન :-

## પ્રોહીબીશન સબંધી એક આરોપીની પાસા અટકાયતી તરીકે ધડપકડ કરતી કાગડાપીઠ પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા સયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સાહેબની સુચના આધારે તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી “કે” ડિવીજન અમદાવાદ શહેરનાઓના માર્ગદર્શન હેઠળ પોલીસ ઇન્સ્પેકટર શ્રી એમ.એ.સિંહનાઓની સુચના આધારે સર્વેલન્સ સ્કોર્ડના સ્ટાફના માણસોએ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે દાખલ થયેલ પ્રોહીબીશનના ગુનામા એક આરોપીબેન વિરૂધ્ધ પાસા હુકમ થયેલ હોય, સદરી આરોપીને પોસ્ટે ખાતે લાવી પાસા અટકાયત કરી નીચે મુજબની પાસા હુકમની બજવણી કરેલ છે.

**આરોપીબેન નામે બેબીબેન અનિલભાઇ ચુનારા, ઉ.વ.૫૦, રહે, કંટોડીયાવાસ, અંકુરમીલની સામે, રાયપુર દરવાજા બહાર અમદાવાદ શહેરનાઓ વિરૂધ્ધ કાગડાપીઠ પો.સ્ટે. ગુ.ર.નં.સી/૦૦૭૬૧ /૨૦૨૦ પ્રોહી કલમ ૬૬(બી), ૬૫(ઇ) મુજબ તથા કાગડાપીઠ પો.સ્ટે. ગુ.ર.નં.સી/૦૦૮૨૪/૨૦૨૦ પ્રોહી કલમ ૬૬(બી), ૬૫(ઇ) મુજબ ના દેશીદારૂના કબજાના ગુનામાં સદરી આરોપીબેનની વિરુધ્ધ પુરાવા ભેગા કરી પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નર શ્રી સમક્ષ સાદર કરતા તેઓ સાહેબે તેઓની કચેરીના ક્રમાંક/PCB/DTN/પાસા/૪૩૧/૨૦૨૦ તા.૦૭/૦૭/૨૦૨૦ અન્વયે સદરી પાસા અટકાયતીને “સુરત” જેલ મોકલી આપવા હુકમ કરેલ. જે હુકમ આધારે મજકુર પાસા અટકાયતીને તા.૦૭/૦૭/૨૦૨૦ ના કલાક ૧૭/૦૦ વાગે પાસા હુકમની બજવણી કરી “મધ્યસ્થ જેલ લાજપોર સુરત” જેલ ખાતે પાસા અટકાયતી તરીકે રહેવા સારુ જરૂરી જાપ્તા સાથે મોકલી આપવા તજવીજ કરેલ છે. તા.૦૭/૦૭/૨૦૨૦**



## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૧૩૯/૨૦૨૦

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૯ કેસ કરી, ૫૬ વ્યક્તિઓને ઝડપી, ૮૯૨ લીટર દેશી દારૂ, ૧ બોટલ ઇંગ્લીશ દારૂ, ૨૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૨ સ્કૂટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૫ કેસ કરી ૨૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૮૦,૩૧૨/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૧૪૦/૨૦૨૦

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૦ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૧૪૧/૨૦૨૦

**સરદારનગરઃ** (૧) જીતેન્દ્ર નરેશકુમાર ગુરબાણી (ઉ.વ.૨૦) (રહે. આઝાદ મેદાન જુની સ્ટેટ બેન્ક સામે "ડી" વોર્ડ કુબેરનગર સરદારનગર) એ તા.૦૯/૦૭/૨૦૨૦ નારોજ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે જીતેન્દ્ર ગુરબાણીના ઘર આગળ એક વાદરો બિમાર હાલતમા હોઇ જીતેન્દ્ર ગુરબાણી એ તા.૧૫/૦૩/૨૦૨૦ બપોરના ૨/૩૦ વાગ્યાના સુમારે ગુગલમાથી એનીમલ હેલ્પ લાઇન નંબર મેળવી એનીમલ હેલ્પ લાઇન નંબર ૯૩૩૪૬૦૬૧૪૧ પર ફોન કરતા એક ફોર્મ ભરવાની વાત કરી જીતેન્દ્ર ગુરબાણીના મોબાઇલ નંબર ઉપર ફોમ મોકલી ફોર્મની વિગત ભરાવડાવી રૂપિયા ૫/- ગુગલ પે થી ભરાવ્યા હતા ત્યારબાદ હેલ્પ લાઇન નંબર ૯૩૩૪૬૦૬૧૪૧ ના ધારકે જીતેન્દ્ર ગુરબાણીના ખાતામાંથી પ્રથમ રૂપિયા ૯૯૯૯/- અને રૂપિયા ૯૧૬/- મળી કુલ રૂપિયા ૧૦,૯૧૫/- ઓનલાઈન ટ્રાન્ઝેકશન કરી મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એમ.બી.બારડ ચલાવે છે.

**સરદારનગરઃ** (૨) શિવમકુમાર લક્ષ્મીનારયણ દુબે (ઉ.વ.૧૯) (રહે.સુભાષનગર ઓમપ્રકાશ સ્કુલ પાસે નોબલનગર) એ તા.૦૯/૦૭/૨૦૨૦ નારોજ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૭/૦૫/૨૦૨૦ સવારના ૧૧/૩૦ વાગ્યાના સુમારે અજાણી વ્યક્તિએ શિવમકુમારના મોબાઈલ નંબર પર ફોન કરી વિશ્વાસમાં લઈ શિવમકુમારના ફોન પે એકાઉન્ટમાં કેશબેકના પૈસા મોકલવાના છે તેમ કહી શિવમકુમારના ફોન પે એકાઉન્ટમાંથી અલગ-અલગ કુલ રૂપિયા ૨૭,૨૩૨/- ઓનલાઈન ટ્રાન્ઝેકશન કરી મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એમ.બી.બારડ ચલાવે છે.

**નરોડાઃ** (૧) જયેશભાઇ સ/ઓ નરેશકુમાર ગીરનાણી (ઉ.વ.૨૨) (રહે.એકવા પોલારીશ અમરદીપ સોસાયટીની બાજુમા નાના ચિલોડા નરોડા) એ તા.૦૯/૦૭/૨૦૨૦ નારોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૦૬/૨૦૨૦ કલાક ૧૦/૦૦ વાગ્યાના સુમારે મોબાઇલ નંબર ૭૪૩૭૮૧૫૨૯૬ તથા ૯૭૨૯૭૫૮૦૯૬ ના ધારકે અજય યાદવ નામ જણાવી પોતે બી.એસ.એફ.મા નોકરી કરે છે તેવી વાત કરી જયેશભાઈને ભરોસો આપી તેના મોબાઇલ ફોનના ગુગુલ પે તેમજ પે.ટી.એમ મારફતે ટુકડે-ટુકડે કુલ રૂપિયા ૯૧,૩૧૯/- ઓનલાઈન ટ્રાન્ઝેકશન કરી મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જી.જે.પટેલ ચલાવે છે.

**નરોડાઃ** (૨) રાજેન્દ્રકુમાર શાંતીલાલ પટેલ (ઉ.વ.૫૬) (રહે. પ્લોટ નંબર-૧૬ વ્રજભુમી સોસાયટી ઉમા શિક્ષણ તીર્થે પાસે આઇ.ટી.આઇ.રોડ સરદારનગર) એ તા.૦૯/૦૭/૨૦૨૦ નારોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૮/૦૭/૨૦૨૦ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે નરોડા દેવી સીનેમાની બાજુમાં હરીવલ્લભ સોસયટીની સામે આવેલ યુનીયન બેંક ઓફ ઇન્ડીયાની બાજુમાં આવેલ યુનીયન બેંક ઓફ ઇન્ડીયાના એ.ટી.એમ.માં રાજેન્દ્રકુમાર તેઓની પત્નીના ખાતાથી પૈસા ઉપાડવા ગયા હતા ત્યારે એક પુરૂષ ત્યા આવ્યો હતો અને પૈસા ઉપાડી આપવામાં મદદરુપ થવાનુ કહી વિશ્વાસમાં લઇ રાજેન્દ્રકુમાર પાસેનુ એટીએમ કાર્ડ લઈ એ.ટી.એમ.કાર્ડ બદલી લઇ અલગ-અલગ જગ્યાએથી અલગ-અલગ સમયે રૂપિયા ૫૨,૮૧૬/- ખરીદી કરી તથા રોકડ ઉપાડી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી કે.બી.રાઠોડ ચલાવે છે.

## <u>ઘરફોડઃ-</u> **સમાચાર યાદી નં.૧૧૪૨/૨૦૨૦**

**સોલા હાઈકોર્ટઃ** અરવિંદભાઇ દશરથભાઇ ત્રિવેદી (રહે. પી-૪ શાયોના સીટી વિભાગ-૪ ચાણકયપુરી ઘાટલોડીયા) એ તા.૦૯/૦૭/૨૦૨૦ નારોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૮/૦૬/૨૦૨૦ નારોજ આરોપી સુરેશભાઇ કાન્તીલાલ પટેલ (રહે. ગણેશપાર્ક બંગ્લોઝ આર.સી.ટેકનીકલ રોડ ઘાટલોડીયા) અને હિતેષભાઇ પટેલે ભેગા મળી ભાગવત કોમ્પલેક્ષ ચાર રસ્તા પાસે એપોલો આર્કેડના ગ્રાઉન્ડ ફલોર ખાતે અરવિંદભાઈની દુકાન નંબર-૨ ના તાળા તોડી દુકાનમાંથી ચીજવસ્તુ કિમત રૂપિયા ૭,૫૦,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગયા છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જે.પી.જાડેજા ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૧૪૩/૨૦૨૦**

**જીઆઈડીસી વટવાઃ** નીલમભાઇ નવીનચંદ્ર પટેલ (ઉ.વ.૪૦) (રહે. મધુવન પાર્ક ગોરના કુવા મણીનાગર પૂર્વ) એ તા.૦૯/૦૭/૨૦૨૦ નારોજ જીઆઈડીસી વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૦૬/૨૦૨૦ સવારના ૧૧/૧૫ વાગ્યાના સુમારે નીલમભાઈ પટેલ જશોદાનગર ત્રીકમપુરા અન્નપુર્ણા હોટલ પાસે કૃપાળુ ઝેરોક્ષ નજીક પોતાની કારમાં બેસેલ હતા ત્યારે એક પુરૂષ નીલમભાઈ પટેલ પાસે આવી ગાડીમાંથી ઓઈલ ટપકે છે તેમ કહેતા નીલમભાઈ પટેલ ગાડીમાંથી ઉતરી ગાડીનુ બોનેટ ખોલી ચેક કરતા હતા ત્યારે આ પુરૂષ નીલમભાઈની નજર ચુકવી ગાડીમાંથી બેગની ચોરી કરી પલાયન થઈ ગયો હતો. બેગમાં રોકડ રૂપિયા ૧,૩૫,૦૦૦/- અને જરૂરી કાગળો હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી સી.એમ.રાઠોડ ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૧૪૪/૨૦૨૦**

**"જે" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ ચંદાબહેન મંગુભાઈ ચુનારા** (ઉ.વ.૫૫) (રહે.એસ.પી.રીંગ રોડ ગામડી ચોસર રોડ ગામડી તા.દસક્રોઈ અમદાવાદ) તા.૦૯/૦૭/૨૦૨૦ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે ગામડી ચાર રસ્તા નજીકથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે અજાણ્યા વાહન ચાલકે વાહન પુર ઝડપે અને બેદરકારીથી ચલાવી ટક્કર મારતા ચંદાબહેન ચુનારાને ગંભીર ઈજાઓ થતા તેમનું સ્થળ પર જ મૃત્યુ નિપજયું હતુ. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર ચંદાબહેનના પુત્ર કિરણભાઈ ચુનારાએ "જે" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.કે.ડામોર ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૧૧૪૫/૨૦૨૦**

**માધવપુરાઃ** દિનેશભાઈ અંબાલાલ આગજા (ઉ.વ.૪૫) (રહે.કાંકરી કુઈની ચાલી જ્યુબીલી મિલ સામે દરિયાપુર દરવાજા બહાર) એ લોકડાઉનના કારણે કામ ધંધો મળતો ન હોય મનમાં લાગી આવતા તા.૦૯/૦૭/૨૦૨૦ બપોરના ૩/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે લાકડાની વળી સાથે ચાદર બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે માધવપુરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રમેશકુમાર ગોરાભાઈ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,<br>
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.<br>
પોલીસ કમિશનર વતી